


સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૧૦, સળંગ અંક : ૯૨૬, તારીખ : ૩૧-૦૭-૨૦૧૭, સોમવાર, કિંમત રૂ. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ
(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬
R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 31/07/2017, RMS G'nagar, Valid up to 31/12/19

## ભારતીય કિસાન સંઘની અખિલ ભારતીય પ્રબંધ સમિતિની બેઠક ઉદેપુર ખાતે તા. ૨૨ થી ૨૪ જુલાઈ દરમ્યાન યોજાઈ

પ્રથમ દિવસે તમામ રાજ્યોમાં થયેલ આંદોલનાત્મક - સંગઠનાત્મક થયેલા કાર્યક્રમોનું વૃત્ત અને સમીક્ષા કરવામાં આવી. દેશભરમાં હાલ ચાલી રહેલા વૃક્ષારોપણ કાર્યક્રમો અને આગામી દેશભરમાં ભાદરવાસુદ છઠ્ઠ બલરામ જયંતિ કિસાન દિવસ ઉજવણીના થનાર કાર્યક્રમો અંગે નિવેદન થયા બીજાં દિવેસ દિલ્હી ખાતે પ્રાયોજિત કન્દ્રીય કાર્યાલય ભવન નિર્માણ અંગે નિધિ એકક્ષીકરણ - સમીક્ષા - આગામી વર્ષે થનાર દેશભરમાં નવિન સદસ્યતા અને ગ્રામ સમિતિ નિર્માણની યોજના અને આયોજન અંગે વિચારણા કરવામાં આવી, સંઘઠનના આયામો સજીવ ખેતી મહિલા આયામ, આર્થિકી અનુસંધાન કેન્દ્રિ વિગેરેની ગતિ વિધી કામગીરી અને આગામી કાર્યક્રમોની જાણકારી આપવામાં આવી હતી.

બેઠકમાં રા.સ્વ. સંઘના અ.ભા. પ્રચારક પ્રમુખ સુરેશચંદ્રજી તથા અ.ભા. પ્રચાર પ્રમુખ ડૉ. મનમોહનજી વૈદ્ય, સહ પ્ર. પ્રમુખ નેરન્દ્રજી પણ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. મનમોહનજીએ તેમના સત્રમાં વર્તમાન પરિસ્થિતિમાં મિડિયાના મહત્વને સમજાવીને તેના જુદા જુદા પાસાંઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરીને જાણકારી આપી હતી અને તેમના સમાપન વક્તવ્યમાં પણ કિસાનોમાં પણ રાષ્ટ્રીયતા ની વાત લઈને દેશની સંસ્કૃતિ સંબંધ્ધ સંગઠનની પણ દિશા નક્કી થાય તેના પર ભાર મૂકિને તમામ બાબતો પર સરકાર નિર્ભર ન રહેતાં સ્વતંત્ર રીતે પણ ગ્રામ - સમાજ - સંગઠનોએ કાર્ય કરવાની દિશામાં વિચારવા અને આ પ્રકારની ગતિવિધીઓ અને અપેક્ષિત ઉદાહરણો આપીને સૌથી મોટા કષિ ક્ષેત્રનો સંગઠનને ગતિ આપવા માર્ગદર્શન કર્યું હતું.

બેઠકમાં મા. સંગઠનમંત્રીશ્રી દિનેશજીએ કિસાન આંદોલનની સમીક્ષા મા. સહ સંગઠન મંત્રી ગજેન્દ્રજીએ આગામી કેન્દ્રીય અધિકારી પ્રવાસની જાણકારી અને કાર્યપદ્ધતિ અંગે સૂચનો કર્યા હતા. શ્રી બદ્રીનારાયણ ચૌધરી મહામંત્રીશ્રીએ સમગ્ર સમિતિની કાર્યવાહીનું સંચાલન કરતાં અનેક જાણકારી અને માર્ગદર્શન આપતા રહ્યા હતા.

**અ.ભા.અધ્યક્ષ આઈ.એન. બચ્ચેગૌડા સહિત કેન્દ્રીય અધિકારીઓ દ્વારા ગૌપૂજન-આરતી, ફસલ પૂજા (મકાઈ), હળ પૂજન, દીપ પ્રાગટ્ય, ભારત માતા - બલરામજીના ચિત્રને માલ્યાર્પણ અને ધ્વજા રોહણની કાર્યવાહી કિસાન નારાઓના બૂલંદ ઉદ્‌ગારો વચ્ચે સંપન્ન થયેલ...**



અ.ભા.અધ્યક્ષ બચ્ચેગોડાજી ધ્વજારોહણ કરતા...


દીપ પ્રાગ્ટ્ય કરતા રા. મહામંત્રી બદ્રીનારાયણ ચૌધરી



ડાબેથી રા.મહામંત્રી - અધ્યક્ષશ્રી તથા મા.અ.ભા.પ્રચાર પ્રમુખ શ્રી ડૉ. મનમોહન વૈધ



**અમરનાથ યાત્રાના મૃતકોને તેમજ શહીદ જવાનો સહિતનાઓને શ્રદ્ધાંજલિ અપાઈ.**

**દેશભરના તમામ રાજ્યો અને ૩૮ પ્રાંતો માંથી ૨૫૦ પ્રતિનિધિઓએ હાજરી આપી.**

વિશેષ માહિદીપ્રદ સત્ર ચીનના વર્તમાન દેશ સાથે સંબંધોમાં આપણી ભૂમિકા ઉપર મા. પ્રકાશચંદ્રજી મા. પ્રાંત સંઘચાલકજીએ અનેક વૈશ્વિક વ્યાપરની સ્થિતિ ભારત ચીનના આર્થિક સંબંધો ઉપર ખૂબ જ અસરકારક માહિતી પ્રદ ચીનના ભારત સામેના અનેક પેંતરાઓનો પર્દાફાશ કરીને તેની ચાલને સમજીને સમગ્ર દેશના નાગરિકોએ આગામી દિવસોમાં 'બોયકોટ ચીન' એવા આંદોલનને પ્રભાવી બનાવી ચિંતનાત્મક વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ મહારાણા પ્રતાપ કૃષિ વિશ્વવિદ્યાલયના સભાગારામાં યોજાયો હતો. સૌને સામુહિક રીતે ઉદેપુરમાં બનેલા નવિન મહારાણા પ્રતાપ ગૌરવ કેન્દ્રની પ્રત્યક્ષ ઝાંખી કરાવવામાં આવી હતી. અને મ. પ્રતાપની પ્રતિકૃતિ ભેટ અર્પણ કરવામાં આવેલ.

પ્રબંધ સમિતિની બેઠકમાં કિસાનોની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવેલ જેમાં હાલમાં જ કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરાયેલ જી.એસ.ટી.ની કૃષિક્ષેત્ર પરની અસરો અને તેના વિરોધ કરવા, જી.એમ.આઈ અંગેની એક્સપર્ટ કમિટિએ આપેલ મંજુરી અંગે સરકારામાં વિરોધ કરવા, કાયમી દેવાનાબૂદી અંગે સર્વગ્રાહી કૃષિ નીતિ બનાવી રોડ મેપ નક્કી કરવા અને તમામ કિસાનોને રાહતરૂપ એવા અને લાભ મળે તે હેતુથી પ્રતિ એકર તમામ કિસાનોને ચોક્કસ સહાય તેમના સીધા બેંક ખાતામાં જમા કરવા જણાવ્યું હતું.

# ગૌરક્ષા - પ્રયત્નો અને પ્રયોગો...

ડૉ. હિતેશભાઈ જાની (હેડ-પંચકર્મ વિભાગ)
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર




**અપંગ યુવાને શરૂ કરી ગૌશાળા**

મૂકમ્ કરોતિ વાચાલમ્, પંગુ લંઘયતે ગિરિમ્;
યત્કૃપા તન્મહમ્ વન્દે, પરમાનંદ માધવમ્,

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામમાં એક અપંગ યુવાન હીરા ઘસવાનું કામ કરે. ગાય પ્રત્યેની કરૂણાએ તેમની પાસે અનાયાસે જ ગાયોની સેવા શરૂ કરાવી. તેમની પાસે ન તો કોઈ સુવિધા ન કોઈ દાતાઓ.

માલસરમાં ગજાનન આશ્રમ ધરાવતા વિજયભાઈ જષી ત્યાંથી પસાર થયા અને આ કાર્યની જાણ થઈ તેમણએ યુવાનને જરૂરી પડે તેટલી સિમેન્ટની થેલી આપવાનું વચન આપ્યું અને નિભાવ્યું. અપંગ યુવાનને જાણે પગ આવ્યા. ગ્રામ પંચાયતે જમીનની વ્યવસ્થા કરી આપી, એ એ યુવાન જાણે દોડતો થઈ ગયો. આજે ત્યાં મોટી જગ્યામાં એક ગૌશાળા વ્યવસ્થિત રીતે ચાલતી થઈ ગઈ.

**વોટ્સ એપના માધ્યમથી સેવાકાર્ય :**

સોશિયલ મિડીયા જેવા કે વોટ્સ એપ કે ફેસબુકમાં આજનો યુવા વર્ગ રચ્યો પચ્યો રહે છે. પરંતુ આ માધ્યમનો એક સેવા ક્રમ માટે પણ ઉપયોગ થઈ શકે તે રાજકોટની સ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓએ સાબિત કરી આપ્યું.

વિરાણી સ્કૂલની ૧૯૯૫ની એસ.એસ.સી.ની બેચના વિદ્યાર્થીઓએ એકબીજાના સંપર્કમાં રહેવા મટે બનાવેલ વોટ્સ એપર ગ્રુપમાં એક વખત એક વિદ્યાર્થીએ કચ્છના દુકાળથી સ્થળાંતર કરી આવેલા માલધારીઓ વિશે માહિતી મુકી અને તેને મદદ કરવી જોઈએ તેમાં બધાઓ સૂર પૂરાવ્યો. રાજકોટ ઉપરાંત ગુજરાત અને ભારત બહાર પણ સ્થાયી થયેલા આ ગ્રુપના મેમ્બરોએ જોતજોતામાં ૪૦ હજાર જેટલી રકમ એકઠી કરી અને માલધારીઓને સહાય કરી.

**પાકમાં ગૌમૂત્રનો ઉપયોગ જીવાત ન પડી, ઉત્પાદન વધ્યું.**

મિતાણાના નિવૃત્ત તલાટી મંત્રી ગોરધનભાઈ દેવડાએ સજીવ ખેતીનો ત્રણ વર્ષ પહેલા પ્રારંભ કર્યો. છેલ્લા વર્ષે તેમણે તેમને ૧૮ એકરના ખેતર પૈકી ૧૬ એકરમાં કપાસ વાવ્યો અને ૨ એકરમાં મગફળી વાવી.

કપાસને ૧૦ પાણ આપ્યા અને દરેક પાણમાં ૫૦ લીટર ગૌમૂત્રનો ઉપયોગ કર્યો. એકરદીઠ કપાસનું ઉત્પાદન ૫૦ મણને બદલે ૭૫ મણ થયું. ભાવ ૧૦૦૦ ઉપર મળ્યો, કપાસમાં વ્હાઈટનેસ વધી, ઝીંડવા પણ મોટા થયા. એકર દીઠ મગફળી ૪૦ને બદલે ૮૦ મણ થઈ. આ પાકમાં સુકારો ન લાગ્યો, દાણો મોટો અને ભરાવદાર થયો.

**જસદણના ઘનશ્યામભાઈ ભરાડ એમનો અબોલ પશુઓનો અવાજ સંભળાય છે.**

આ પશુ સેવકે છેલ્લા ૫૦ વર્ષમાં આશરે ૨૫ હજાર કરતાં વધારે પશુઓને કતલખાને જતાં રોક્યા છે. જેમાં તેના પર આશરે ૩૦૦ જેટલા કેસ પણ થયા છે. ઘનશ્યામભાઈને સરધારના હરિહરાનંદ મહારાજ પાસેથી પ્રેરણા અને બળ બંને મળ્યા છે. જસદણમાં તેઓ મારૂતિધામ ગૌશાળામાં ૩૫૦ કરતાં વધારો ગૌવશ ધરાવે છે. ખેતી અને જમીન - મકાનના વ્યવસાયમાં કાર્યરત આ ગૌસેવકને કોઈ પશુઓને કતલખાને લઈ જતા હોવાની બાતમી મળતાંની સાથે જ એકલા હાથે તેને બચાવવા નીકળી પડે છે.

તેઓના કહેવા પ્રમાણે તેમના આ કાર્યમાં ઘણી વખત મુશ્કેલીઓ પડે છે, જેમાં તેને અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ અને એનિમલ વેલફેર બોર્ડ (મુંબઈ-દિલ્હી) નો સારો સહકાર પ્રાપ્ત થયા છે.

**શ્રી કામધેનુ દિવ્ય ઔષધિ મહિલા સહકારી મંડળી મહિલા ઉત્થાન અને સમાજ ઉત્થાન એકસાથે**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ઈશ્વરીય ગામે મહિલાઓ દ્વારા જ એક મંડળી ચલાવવામાં આવે છે. જેમાં પંચગવ્ય આધારિત ઉત્તમ પ્રોડક્ટસનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવે છે. જે ભારતની સૌ પ્રથમ ગાય આધારિત સહકારી મંડળી છે.

આ મંડળી દ્વારા વિવિધ પ્રકારના અર્ક, તેલ, ધુપસળી, ગુલાબજળ, મલમ તેમજ કૃષિ માટે ઉપયોગી ચીજ - વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. જે તદ્દન નજીવા દરે જ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ મંડળી સંપૂર્ણ મહિલાઓ દ્વારા ચલાવાય છે. આમ જોવા જઈએ તો આ કાર્ય મહિલાઓ દ્વારા થતું હોવાથી મહિલા ઉત્થાન તો થાય જ છે ઉપરાંત મામ પ્રોડક્ટ ઉત્તમ ગુણવત્તા સભર અને ગાય આધારિત હોવાથી સમાજ ઉત્થાન પણ થાય છે.

## ગૌરક્ષા માટે કરવા યોગ્ય બાબતો



ઘરમાં શક્ય હોય તો ગાય પાળો અથવા ગૌશાળાની ગાયને દત્તક લો

સારી ઓલાદના સાંઢ ઉછેરો અને તેનું દાન કરો



ગૌદાન પહેલા ઘાંસચારાનું દાન કરો

વધુમાં વધુ ગૌચર ભૂમિ છોડાવો અને ગામમાં દાન કરો એ પુણ્યનું કાર્ય છે

ગાયની સાર-સંભાળ રાખો તથા તેની સફાઈ અને ચિકિત્સાની વ્યવસ્થા કરો

ગાય અને તેના પરિવારની ઓલાદનો હિસાબ અને તેની વિગતો સંગ્રહિત રાખો



ગાયના ચામડાની ચીજો ન વાપરવાની પ્રતિજ્ઞા કરો

છાણને બાળવાના બદલે લાકડાથી કામ ચલાઓ, છાણનો ઉપયોગ અન્ય જગ્યાએ કરો

ગૌ રક્ષા એ ફક્ત ધાર્મિક અભિગમ નથી તે આર્થિક, વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અભિગમ પણ છે



દૂધનો વ્યવસાય સહકારી પદ્ધતિથી કરો

જો પ્રત્યેક કુટુમ્બ શાસ્ત્રાનુસાર ગૌ ગ્રાસ કાઢવાનું શરૂ કરે; ગૌ દર્શન તથા ગાયની પૂજા શરૂ કરે તો પરોક્ષ રીતે ગૌ રક્ષા થઈ શકશે

## કેકટસની ખાદ્ય ઉપયોગિતા શું છે ?

કેકટસનું મૂળ વતન મેક્સિકો અને અમેરિકા છે જ્યાં તેના શોભાના છોડ તરીકે નહીં પરંતુ ખોરાક અને લાકડાના સ્રોત તરીકે ઉપયોગ થાય છે. ભારતમાં તેમજ દુનિયામાં મોટાભાગના દેશોમાં હાથલા થોરનો ઉપયોગ વાડ તરીકે થાય છે. મેક્સિકન લોકો તેની કુમળી ડાળીઓના ટુકડા કરી રાંધી શાકભાજી તરીકે ખાય છે અને ફૂલોને સૂકવીને વાપરે છે. કેટલીક જાતના ફૂલોને સ્વાદ સ્ટ્રોબેરી જેવા હોય છે. જાયન્ટ કેકટસના ફળો પાકે ત્યારે તેમાં કાળાં બી હોય છે. જેને ભારતમાં કેટલાંક લોકો દળીને એક જાતનો લોટ બનાવી વાપરે છે. કેલિફોર્નિયામાં ઓપશિયાના તાજાં ફળો માર્કેટમાં લીલા મેવા તરીકે અને સૂકા ફળો અંજીરની જેમ સૂકા મેવા તરીકે વેચાય છે. સિરેઅલી જાતના ફળોના મુરબ્બા પણ બનવાય છે. ઓપશિયા જાતના કેકટસમાંથી તેલ મેળવવામાં આવે છે જેનો ઉપયોગ ફેઈસ ક્રીમની બનાવટમાં થાય છે. તેની કેટલીક જાતનાં ફળો ખાટામીઠા હોઈ તેનું શરબત બનાવી પીવાય છે. જાયન્ટ કેકટસના છોડ સુકાયા બાદ તેમાંથી હલકું લાકડું મળે છે જેનો ઉપયોગ આકર્ષક બોક્સ બનાવવામાં આવે છે. ડ્રેગન ફ્રૂટ પણ કેકટસનો જ એક પ્રકાર છે. કેટલીક જાતો ટ્રેગેકેનત જેવો ગુંદર આપે છે. કેકટસની કેટલીક જાતો ઉપર લાખની જીવાત પુષ્કળ લાગતી હોઈ લાખ મેળવવા તેનું વાવેતર થાય છે. હાથલા થોરના થડમાંથી ખરબચડા રેસા મળે છે જે કાગળ બનાવવા માટે વપરાય છે.



*—અશ્વિનભાઈ દેવાભાઈ તળપદા*

લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય' —**

**'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'**
**'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'**

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**
- શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ
- અનામતો : રૂા.૪.૨૩ કરોડ
- થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
- ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ
- ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ
- નેટ એન.પી.એ. : 'શૂન્ય'
- સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**
- શૈક્ષણિક માર્ગદર્શન
- કારકીર્દી માર્ગદર્શન
- વ્યવસાયી માર્ગદર્શન,
- રાષ્ટ્રી તહેવારોની ઉજવણી
- સભાસદ કલ્યાણ યોજના
- ગ્રામીણ વિકાસ પ્રકલ્પ
- મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**
(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથા ર્જી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**
(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**
જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

| | | |
|---|---|---|
| **હરસુખભાઈ પંડ્યા** | **નંદકિશોરભાઈ ગરાચ** | **છગનભાઈ પેથાણી** |
| *ચેરમેન* | *વાઈસ ચેરમેન* | *વાઈસ ચેરમેન* |
| **મનહરભાઈ સુચક** | **નરેન્દ્રભાઈ ભુત** | **સમીરભાઈ જોષી** |
| *મેનેજીંગ ડીરેક્ટર* | *જો. મેનેજીંગ ડીરેક્ટર* | *જનરલ મેનેજર* |

### મૃગશીર્ષથી શ્વાતી સુધીના નક્ષત્ર, વરસ સોળઆની રહેશે

# આ વર્ષે દિવાળી સુધી વરસાદ વરસતો રહેવાની ભવિષ્ય વાણી...

પંચાગ - જયોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ આ વર્ષે ચોમાસાનો આરંભ ૭ જૂને સૂર્યના મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશની સાથે થશે. પ્રથમ નક્ષત્રનું વાહન જળચર પ્રામી દેડકો છે, જેથી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ૭ થી ૨૧ જૂન સુધીમાં વ્યાપક વરસાદ પડે, વર્ષાઋતુના મંડાણ થશે.

ગજાનન આશ્રમ માલસરના અધ્યક્ષ શાસ્ત્રી વિજયભાઈ જોશીના જણાવ્યા મુજબ આ વર્ષે વરસાદના ત્રણ નક્ષત્ર તેમના વાહનને કારણ નબળા છે. પૂનઃવંસુ નક્ષત્રનું વાહન શિયાળ છે એટલે મેઘડંબર રચાય બારેમેઘ ખાંગા થશે તેવું લાગશે પણ વરાસદ વરશે નહીં જ્યારે પૂર્વા ફાલ્ગુની અને ચિત્રા નક્ષત્રનું વાહન ગદર્ભ (ગધેડો) છે. આ બન્ને સમયે છૂટો છવાયો વરસાદ પડશે. ૩૧ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ઉત્તર ફાલ્ગુની નક્ષત્ર છે, જેના કારણે ભારે પવન ફૂંકાય વાવાઝોડું આવવા શક્યતા દરિયા કિનારાના શહેરો ઓખા, દ્વારકા, સોમનાથ, વેરાવળ, પોરબંદર, ચોરવાડ, માંગરોળ, કંડલા, વલસાડ, સુરત સહિતના શહેરોમાં જળ બંબાકાર, કિનારાથી આગળ વધી પાણી ઘૂસવાના યોગ છે.

સપ્ટેમ્બર ૧૪ થી ૨૭ સુધી ઉત્તારા ફાલ્ગુની નક્ષત્રનું વાહન અશ્વ છે. આ સમય ગાળામાં ભારે વરસાદથી વિવિધ જિલ્લામાં ડેમ ઓવરફ્લો થાય, નદી, નાળા, સરોવરો છલકાય, પાક મબલખ થશે. ચોખા, કપાસ, લસણ, શેરડી, મગફળી, તલ જુવાર, કેળાનું વાવેતર ફાયદા કારક, વર્ષ ૧૫ થી ૧૬ આની રહેશે. ૩૦ ઓક્ટોબરે દિવાળી છે, ત્યારે મિત્રા નક્ષત્ર છે અને ત્યારબાદ શ્વાતી નક્ષત્ર છે. આમ દિવાળી સુધી વરસાદના નક્ષત્રો છે.

**સપ્ટેમ્બર સુધી ડેમ - સરોવરો છલકાય જાય : પાણીનાં તળ ઊંચા આવશે...**

**૧ નોરતું વધારે, પણ નવે નવ દિવસ હાથિયો વરસશે**

**૨૮ સપ્ટેમ્બરથી હસ્ત (હાથિયો) બેસે છે. જે ૧૦ ઓક્ટોબર સુધી રહેશે. આ ગાળામાં જ ૧ ઓક્ટોબરથી નવરાત્રિનો આરંભ થાય છે. બે એકમ હોવાથી એક નોરતું વધે છે. આમ દશેરાની ઉજવણી ૧૦ ઓક્ટોબરના રોજ થશે. નવરાત્રિમાં વાદળો ઘેરાય, પવન ફૂંકાય જ્યાં વરસાદ વરસે ત્યાં અનરાધાર વરસે એક નોરતાનો વધારો અને નવરાત્રિમાં જ હાથિયો શુભ સંકેત છે તેમ ગજાનન આશ્રમ માલસરના અધ્યક્ષ શાસ્ત્રી વિજય જોશીએ જણાવ્યું હતું.**

**વરસાદના નક્ષત્રો અને ફળ**

*વરતારો જોતાં આ વરસે વરસાદના નક્ષત્રનો ૭ જૂનથી આરંભ થાય છે. જેની પૂર્ણાહૂતિ દીપોત્સવની પર્વ બાદ છેક ૭ નવેમ્બર થશે, જે બાબત ચિંતાજનક છે.*

**મૃગશીર્ષ (૭ જૂનથી ૨૧ જૂન)** : ફળ : વિવિધ સ્થળોમાં વરસાદ ક્યાંક તડકો
**આદ્રા વરસાદ (૨૨ જૂનથી ૫ જુલાઈ)** : ફળ : રાજ્યના તમામ જિલ્લામાં વ્યાપક વરસાદ
**પુનર્વસુ નહી (૬ જુલાઈ થી ૧૯ જુલાઈ)** : ફળ : મેઘો મંડાય, વાદળો દેખાય પણ વરશે નહીં.
**પુષ્ય (૨૦ જુલાઈ થી ૨ ઓગસ્ટ)** : ફળ : કાચુ સોનું વરસે ખેડૂતો વેપારીઓના ચહેરા ખીલે
**આશ્લેષા (૩ ઓગસ્ટ થી ૧૬ ઓગસ્ટ)** : ફળ : ૩ થી ૫ દિવસથી હેલી પડે ત્યાં પોટલા મોઢે
**મેઘા (૭ ઓગસ્ટ થી ૩૦ ઓગસ્ટ)** : ફળ : વરસાદથી વંચિત વિસ્તારો પર મેઘો મંડાય
**પૂર્વા (૩૧ ઓગસ્ટ થી ૧૩ સપ્ટેમ્બર)** : ફળ : વાવાઝોડું આવે કાંઠામાં સાવધાની
**ઉત્તરા ફાલ્ગુની (૧૪ સપ્ટેમ્બર થી ૨૭ સપ્ટેમ્બર)** : ફળ : ડેમ, નદી, નાળા, સરોવરો ઓવરફ્લો થાય
**હસ્ત (હાથિયો) (૨૮ થી ૧૦ ઓક્ટોબર)** : ફળ : જ્યાં વરસે ત્યાં અનરાધાર નવરાત્રિ ઉત્સવ
**ચિત્રા (૧૧ થી ૨૩ ઓક્ટોબર)** : ફળ : ગુજરાતમાં હળવો છૂટો છવાયો વરસાદ
**શ્વાતી (૨૪ ઓક્ટોબરથી ૭ નવેમ્બર)** : ફળ ૩૦ ઓક્ટોબરે દિવાળી છે, ત્યારબાદ પણ લાભ પાંચમ સુધી હળવો વરસાદ થવાની શક્યતા.

## સાપ્તાહિક સુવિચાર

**વક્ત ભી સિખાતા હૈ ઔર ટીચર ભી.. પર, દોનોં મેં ફર્ક સિર્ફ ઈતના હૈ કિ ટીચર સીખા કર ઈમ્તેહાન લેતા હૈ ઔર વક્ત ઈમ્તેહાન લેકર સિખાતા હૈ...**

## ભેંસ ખરીદવી છે તો બાવલા પરથી દૂધ ઉત્પાદનની ખબર પડે ખરી ?

દૂધ ઉત્પાદન શક્તિનો સંપૂર્ણ ખ્યાલ શરીરના બીજા બધા ભાગો કરતાં બાવલાના વિકાસ ઉપરથી વિશેષ નક્કી થઈ શકે છે. જેમ બાવલાનો વિકાસ સારો તેમ દૂધ ઉત્પાદન શક્તિ વધારે. દૂધાળ જાનવરનું બાવલું એ રીતે વિકસેલું હોય છે કે તે ભાગ ઉપર ચરબીનું પ્રમાણ ઓછામાં ઓછું હોવા છતાં સુડોળ હોય તે જાતનું બાવલું સંપૂર્ણ કહેવાય. કેટલીક ગાયો અને ભેંસોના બાવલાં લચી પડેલા જોવામાં આવે છે. તે ખામીવાળાં બાવલાં કહેવાય. બાવલાં ઉપર નાની નાની છતાં પૂર્ણ વિકસિત શીરાઓ વાંકી ચૂકી અને



બહાર પડતી હોય તો તે પ્રકારનું બાવલું ઉત્તમ ગણાય અને શીરાઓ બાવલામાં લોહીનું પરિભ્રમણ સંતોષકારક સૂચવે છે. દૂધાળ જાનવરનું બાવલું દૂધ દોહવાનો સમય જેમ જેમ નજીક આવતો જાય તેમ તેમ કદમાં મોટું થતું દેખાય છે. જો ઉત્તમ પ્રકારનું બાવલું હોય તો દૂધ દોહી લીધા પછી તે સંકોચવાનું જોઈએ અને આજુબાજુની ચામડી ઢીલી થઈ ગયેલી હોવી જોઈએ. આ ઉપરાંત દૂધાળ જાનવરોના ચારે આંચળ એક સરખી લંબાઈના સુડોળ અને એક સરખા અંતરે હોવા જોઈએ. આવા લક્ષણોથી દૂધ ઉત્પાદન શક્તિનો અણસાર મેળવી શકાય છે. પરંતુ ખરું ઉત્પાદન તો દોહન કાર્ય થકી જ જાણી શકાય છે.

*–માનસિંહભાઈ ચૌધરી, વિસનગર*

# ૬ વીઘામાં ઓળાની લીલી મગફળીની સફળ ખેતી

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી ગામના ખેડૂત દંપતી રંજનબેન ચંદુભાઈ ભૂતે માત્ર ૪૫ મિનિટના પાણીમાં ડ્રીપથી ઓરવીને લીલાઓળા માટેની મગફળીનું ૬ વીઘામાં વાવેતર કર્યું છે.

ઓળા માટેની લીલી મગફળીનું વેચાણ કરવા માટે વાવેતર વહેલું રકરવું જરૂરી હોય છે. પાણી ઓછું હોઈ ડ્રિપથી મગફળી વાવી છે. ઓરવીને કે પાટલા પદ્ધતિથી ૪૫ મિનિટના પાણીમાં ખેતી ન થઈ શકે. ડ્રિપથી આગોતરું



વાવેતર કરતાં હાલમાં પાક ખૂબ જ સારો ઉભો છે.

કુલ ૬ વીઘામાં ધાણાનો પાક લઈ લીધા બાદ ૩૦ દિવસ જમીન તપાવી ત્યારબાદ ખેડ કરી પાયાનું ખાતર છાણિયું વીઘે ૨ ટ્રોલી અને ૨૮ કિલો બીજ નાંકી બે હાર વચ્ચે ૧૮ ઈંચે ડ્રિપથી ક્યારા ભીંજાવીને ઓરવીને ૯૦ થી ૧૦૦ દિવસની મુદ્દતવાળી મગફળીનું તા. ૬-૫-૧૭ના વાવેતર કર્યું છે. લીલા ઓળાની ખેતી કરવાનું કારણ ખેતી ખર્ચ ઘટે બીજા પાકનું વહેલું વાવેતર થાય અને વાડીએ બેઠા ઓળાનું વેચાણ કરતાં સારા ભાવ મળી રહે છે.

મગફળીનું ડ્રિપથી ઓરવીને વાવેતર કર્યા બાદ તુરત જ ગરમી હતી ત્યારે ત્રણ દિવસ પિયત આપ્યા છે. ત્યાર પછીથી વરસાદ થતાં પાકને ફાયદો થયો છે. વચ્ચે વરસાદ ખેંચાતા ડ્રિપથી પિયત આપ્યું છે. હવે એકાદ પિયતમાં પાક તૈયાર થઈ જશે. મગફળીમાં વાવેતર પછી ૩૨ થી ૩૫ દિવસે ફાલ લાગવાનું ચાલુ થાય અને સૂયા ૫૫ થી ૬૬ દિવસે બંધાય છે. વાવેતરથી લગભગ ૯૦ દિવસે ખાવાલાયક મગફળીના ઓળા તૈયાર થાય છે. પાયામાં છાણિયું ખાતર આપેલું હોય તો પૂરક ખાતરની જરૂર પડતી નથી ફૂગ કે ઈયળ આવે એકાદ બે છંટકાવમાં પાક તૈયાર થઈ જાય છે.

ઉત્પાદન બાબતે જોઈએ તો. લીલા ઓળાનું ઉત્પાદન વીઘે ૭૦ મણ કે વધુ મળે પરંતુ અમો એક વીઘાના ૨૫/૩૦ હજાર લેખે ઉઘાડી, તોડી, ડોડા લઈ જવા વગેરે બધુ ખર્ચ ઉધડ રાખનારે ભોગવવાનું રહે તે રીતે વેચાણ કરીએ છીએ. વહેલાં ઓળા થઈ જાય તો ધારેલા કરતા પણ સારા ભાવ મળે છે અને પશુચારો વધે તેની પૂરક કમાણી થાય છે. ખર્ચમાં બિયારણ, વાવેતર, દવા, નીંદામણ, દવા છંટકાવ મજુરી બધું મળીને કુલ ૩૦૦૦ રૂપિયા ખર્ચ થાય છે. ઉધડમાં જે સારા ભાવ આપે તેમને આપી દેવામાં આવે છે.

**વહેલાં ઓળા થઈ જાય તો ધારેલા કરતા પણ સારા ભાવ મળે છે અને પશુચારો વધે તેની પૂરક કમાણી થાય છે. : પાયામાં છાણિયું ખાતર આપેલું હોય પૂરક ખાતરની જરૂર પડતી નથી.**

# તમામ રાષ્ટ્રીય કૃત બેંકોને રાજ્ય અને કેન્દ્ર સરકારની વ્યાજ રાહત આપવાની સૂચનાઓ અને પરિપત્રોનો અમલ કરાવવા બાબતે ભા.કિ.સંઘની મા. નીતિનભાઈ પટેલ નાણામંત્રીશ્રીને રજુઆત

ઉક્ત મહત્વપૂર્ણ મુદ્દા અંગે સમગ્ર રાજ્યમાંથી સંગઠનને ધિરાણ કરતી સંસ્થાઓ - બેંકો દ્વારા સતત જુદી જુદી રજુઆતો મળતી રહેતી હોય (ભા.કિ.સંઘ દ્વારા મા. નાણામંત્રીશ્રીને રૂબરૂ મળીને રજુઆતો કરતાં મા. મંત્રીશ્રી દ્વારા તત્કાલ પત્ર લખીને કન્વીનરશ્રી (SLBC) (રાજ્યમાં કૃષિ ધિરાણ કરતી તમામ બેંકોની કમિટી) ને તા. ૭ જુલાઈ ૧૭ના રોજ નાણા વિભાગમાંથી પત્ર દ્વારા આ અંગેની ફરીયાદો અને રજુઆતો અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે જેના અનુ. મળતી માહિતી અનુસાર આ કમિટીમાં તમામ જીલ્લા કક્ષાના પણ લીડ બેંક મેનેજરોને સૂચના આપી દેવામાં આવેલ છે. તેમ છતાં આ કાર્યનો વ્યાપ વિસ્તાર બ્હોળા પ્રમાણમાં હોઈ હવે પછી કોઈપણ મુશ્કેલી જણાય તો 'નીચે જણાવેલ તમામ જીલ્લાના લીડ બેંક મેનેજરોનો' સંપર્ક કરીને રજુઆત કરવી શક્ય હોય ત્યાં ભા.કિ.સંઘના કાર્યકર્તાનો સંપર્ક કરવો. આ ઉપરાંત કોઈ વિશેષ રજુઆત કરવાની આપતો લેખિતમાં પૂરી વિગતો સાથે નીચેના સરનામે અને ૧ નકલ ભા.કિ.સંઘ, પ્રદેશ કાર્યાલયમાં મોકલી આપવા વિનંતી છે.

*પ્રતિ કન્વીનર શ્રી, (એસ.એલ.બી.સી.), દેના બેંક, સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી, દેના લક્ષ્મી બિલ્ડીંગ, ૧૮૮-એ, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ.*

*તમામ જીલ્લાના લીડ બેંક સેલ (મેનેજર)ની યાદી ૧ થી ૩૩ નીચે દર્શાવેલ છે.*

| ડિસ્ટ્રીક્ટ | સરનામું | સંપર્ક નંબર | નામ તથા મોબાઈલ નંબર |
|---|---|---|---|
| અમદાવાદ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંડ સેલ<br>દેના બેંક (રીજીનલ ઓફીસ)<br>પ્રથમ માળ, દેના લક્ષ્મી ભવન,<br>આશ્રમ રોડ,<br>અમદાવાદ-૩૮૦૦૦૯ | ૦૭૯-૨૬૫૮૧૯૪૩ | ૮૨૩૮૦૯૩૦૭૨<br>કલ્પેશ શાહ |
| અમરેલી | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેન્ક સેલ<br>સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા<br>લાયબ્રેરી ચોક, બીજો માળ,<br>અમરેલી. | ૦૨૭૯૨-૨૨૩૫૧૧<br>૦૨૭૯૨-૨૨૨૫૧૧ | ૭૬૦૦૦૩૫૨૧૬<br>બી.એલ. જટોલીયા<br>ચીફ મેનેજર<br>૭૬૦૦૦૪૦૫૬૭<br>સંદીપકુમાર (ALDM) |
| આણંદ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>બેંક ઑફ બરોડા<br>કિશોર પ્લાઝા, બીજો માળ,<br>સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ | ૦૨૬૯૨-૨૪૦૬૦૮<br>૨૬૬૮૦૧ | ૯૬૭૮૬૭૨૯૪૦<br>મુકેશ શર્મા<br>૯૨૭૬૮૬૦૯૩૦<br>૯૦૩૩૨૯૯૪૯૭<br>જયપાલ કમલેશ વાઘેલા |
| અરવલ્લી | લીડ બેંક સેલ,<br>ગ્રેઈન મર્ચન્ટ એસોસીએશન<br>મોડાસા, જી. અરવલ્લી. | ૦૨૭૭૪-૨૪૩૨૬૪ | ૯૭૨૫૫૨૧૧૭૩<br>એ. એ. પટેલ |
| બનાસકાંઠા | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ, અમીર રોડ,<br>દેના બેંક, પાલનપુર-૩૮૫૩૦૧. | ૦૨૭૪૨-૨૫૨૫૯૬ | ૯૯૨૫૦૪૨૫૮૩<br>આઈ.સી. ઘટીયાલા |
| ભાવનગર | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ,<br>સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા<br>એડમીનીસ્ટ્રેટીવ બીલ્ડીંગ,<br>એમ-ફલોર, નિલમબાગ,<br>ભાવનગર-૩૬૪૦૦૧. | ૦૨૭૮-૨૫૧૯૨૪૧ | ૭૬૦૦૦૩૫૨૫૧<br>એસ.વી. ત્રિવેદી |
| ભરૂચ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>બેંક ઑફ બરોડા<br>હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ,<br>ઓલ્ડ નેશનલ હાઈવે નં. ૮<br>ભરૂચ-૩૯૨૦૦૧. | ૦૨૬૪૨-૨૪૯૮૦૦<br>૦૨૬૪૨૨૪૫૩૯૨ | ૯૦૯૯૦૦૭૪૫૫<br>આર.પી. લધ્ધા |
| બોટાદ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ ઓફીસ<br>દેના બેંક, સ્ટેશન રોડ,<br>બોટાદ-૩૬૪૭૧૦ | ૦૨૮૪૯ ૨૫૨૨૭૦ | અભિષેક પરમાર<br>૭૫૬૭૮૮૨૫૭૧ |
| છોટા ઉદેપુર | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ દેના બેંક સેલ,<br>બેંક ઑફ બરોડા, છોટા ઉદેપુર,<br>જીલ્લો : છોટા ઉદેપુર | ૦૨૬૬૯૨૩૨૬૦૦ | પી.જી. ઓગાન્ઝા<br>૯૪૦૮૯૮૮૧૪૩ |
| દાહોદ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>બેન્ક ઑફ બરોડા<br>નિલકંઠ એપાર્ટમેન્ટ, ઘોડી રોડ,<br>દાહોદ-૩૮૯૧૫૧. | ૦૨૬૭૩-૨૬૧૩૬૫ | ૯૯૭૯૮૬૪૩૬૫<br>આર.ડી. મુનીયા<br>સિની. મેનેજર |

| ડિસ્ટ્રીક્ટ | સરનામું | સંપર્ક નંબર | નામ તથા મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ડાંગ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ<br>C/o. બેંક ઑફ બરોડા આહવા<br>બસ સ્ટેન્ડની સામે, મેઈન રોડ,<br>આહવા-૩૯૪૭૧૦, ડી. ડાંગ | ૦૨૬૩૧-૨૨૦૦૭૦ | ૯૭૨૭૭૮૨૪૦૯<br>એ.એ. પાલિવાલા |
| દેવભૂમિ દ્વારકા | C/o. જામ ખંભાળીયા, બ્રાન્ચ,<br>ડીસ્ટ્રીક્ટ : દેવભૂમિ દ્વારકા<br>દ્વારકા, પીનકોડ-૩૬૧૩૦૫ | ૦૨૮૩૩-૨૩૭૪૧૨<br>૦૨૮૩૩-૨૩૭૪૧૧ | જે.પી. ઓઝા<br>૯૪૨૬૭૩૨૨૧૩ |
| ગાંધીનગર | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ દેના બેંક,<br>ઝોનલ ઓફીસ, ઘ-૪, સે.૧૬,<br>ગાંધીનગર-૩૮૨૦૧૬. | ૦૭૯-૨૩૨૨૦૧૫૪<br>૦૭૯-૨૩૨૨૦૧૪૪<br>૦૭૯-૨૩૨૨૦૧૫૫ | ૯૮૨૫૫૧૯૧૮૫<br>૯૮૨૪૬૭૬૩૨૪<br>ડી.ડી.રાઠોડ |
| ગીર સોમનાથ | લીડ બેંક ઓફીસ, ગીરસોમનાથ<br>સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા,<br>૮૦ ફીટ રોડ, બ્રાન્ચ, વેરાવળ. | | ૭૬૦૦૦૩૫૯૫૧<br>મકવાણા |
| જામનગર | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક ઓફીસ,<br>સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા<br>બીજો માળ, લાલ બંગલો બ્રાન્ચ<br>જામનગર-૩૬૧૦૦૧. | ૦૨૮૮-૨૬૭૬૯૬૫ | ૭૬૦૦૦૩૫૨૬૨<br>કે.વી. સાંજોટ |
| જુનાગઢ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા<br>રાણાવાવ ચોક, બીજો માળ,<br>વ્હાઈટ હાઉસ,<br>જુનાગઢ-૩૮૨૦૦૧ | ૦૨૮૫૨૬૨૨૨૬૯ | ૭૬૦૦૦૪૦૪૯૫<br>(ડી.ડી.યાદવ ચીફ મેને.)<br>૭૬૦૦૦૪૦૦૩૫<br>એ.એન. કેથોટીયા |
| ખેડા | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ, બેંક ઑફ બરોડા,<br>નડીયાદ મેઈન બ્રાન્ચ,<br>બાંસુદીવાળા ટેરેસ, સંતરામ રોડ,<br>નડીયાદ-૩૮૮૦૦૧. | ૦૨૬૮-૨૫૬૬૬૬૮ | ૯૬૮૭૬૭૨૯૪૧<br>ડી.કે.જોગાણી<br>મેનેજર |
| કચ્છ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ, દેના બેંક<br>ઝોનલ ઓફિસ, જી.કે. જનરલ<br>હોસ્પિટલની સામે, અદાણી<br>મેડીકલ કોલેજની બાજુમાં,<br>ભુજ-૩૭૦૦૦૧. | ૦૨૮૩૨-<br>૨૨૩૪૬૬,૨૨૧૦૬૪ | ૭૫૬૭૮૮૪૧૦૨<br>(નિતીન સોલિયા) |
| મહેસાણા | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ, દેના બેંક,<br>ઝોનલ ઓફીસ, રાધનપુર રોડ,<br>મહેસાણા-૩૮૪૦૦૨. | ૦૨૭૬૨-૨૫૦૯૨૬ | ૯૯૨૫૦૧૩૦૮૮<br>(જે.આર. પટેલ) |
| મહિસાગર | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ, બેંક ઑફ બરોડા<br>બસ સ્ટેન્ડની પાસે, લુનાવાડા<br>જીલ્લો : મહિસાગર | | ૯૯૨૫૬૭૬૯૯૭<br>મીસ્ટર નાથાણી |

વધુ વિગત પાના ૫ પર →

| ડિસ્ટ્રીક્ટ | સરનામું | સંપર્ક નંબર | નામ તથા મોબાઈલ નંબર |
|---|---|---|---|
| મોરબી | ધ લીડ ડીસ્ટ્રીક્ટ ઓફીસ,મોરબી<br>ધ ચીફ મેનેજર<br>લીડ બેંક, પારા બાજાર બ્રાંચ<br>ગાંધીબાગની સામે,<br>મોરબી-૩૬૩૬૪૧ | ૦૨૮૨૨-૨૨૧૨૩૬ | સુરેશ ચૌહાણ<br>૮૪૯૦૦૦૩૯૭૯<br>૭૬૦૦૦૪૩૨૩૮ |
| નર્મદા | ધ ડીસ્ટ્રીક્ટ મેનેજર ઓફિસ<br>C/o. બેન્ક ઑફ બરોડા,<br>વડિયા પેલેસ બ્રાન્ચ,<br>કાળિયાભૂત મંદિર પાસે,<br>વડિયા પેલેસ, રાજપીપલા,<br>ડીસ્ટ્રીક્ટ નર્મદા-૩૯૩૧૪૫ | ૦૨૬૪૦-૨૨૨૮૦૦ | ૯૦૯૯૦૦૭૪૫૬<br>(પી.એફ. બારોટ)<br>સીની. મેનેજર |
| નવસારી | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેંક સેલ, બેંક ઑફ બરોડા,<br>પ્રથમ માળ, નંદિની કોમ્પલેક્ષ,<br>સયાજી બ્રાંચ રોડ, નવસારી-૩૯૬૪૪૫. | ૦૨૬૩૭-૨૩૪૮૦૬ | ૯૯૦૪૦૧૫૭૨૦<br>(પી.વી. અરવાડીયા)<br>સીની. મેનેજર |
| પંચમહાલ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>બેંક ઑફ બરોડા, કાલિન્દી<br>૧, મહાવીર જૈન સોસાયટી<br>ગોધરા-૩૮૯૦૦૧. | ૦૨૬૭૨-૨૪૯૯૯૭ | ૮૭૫૮૪૯૪૩૨૧<br>(એમ.એમ.પટેલ)<br>મેનેજર |
| પાટણ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેન્ક સેલ, એફ-૯-૧૦<br>હરિદર્શન કોમ્પલેક્ષ,<br>DSP ઓફિસ સામે, કોર્ટ રોડ,<br>પાટણ (નોર્થ ગુજ.)-૩૮૪૨૬૫ | ૦૨૭૬૬-૨૨૨૩૩૨<br>૦૨૭૬૬-૨૨૩૫૫૮ | ૯૪૨૯૧૦૨૩૦૧<br>શ્રી પ્રહલાદ એ.પટેલ |
| પોરબંદર | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેન્ક ઓફિસ,<br>સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા,<br>૩જો માળ, માનેક ચોક,<br>પોરબંદર-૩૬૦૫૭૫ | ૦૨૮૬-૨૨૪૮૪૧૩ | ૭૬૦૦૦૩૫૨૧૯<br>(કે.આર. રાવલ) |
| સાબરકાંઠા | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેન્ક સેલ, દેના બેન્ક,<br>સુવિરા શોપિંગ સેન્ટર,<br>ડૉ. ગાંધી રોડ, હિંમતનગર. | ૦૨૭૭૨-૨૪૬૦૮૦ | ૯૭૨૭૦૦૯૫૨૧<br>અભિષેક ભંડારી |

| ડિસ્ટ્રીક્ટ | સરનામું | સંપર્ક નંબર | નામ તથા મોબાઈલ નંબર |
|---|---|---|---|
| રાજકોટ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેન્ક સેલ,<br>સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા,<br>સુરેશ ચેમ્બર્સ, પ્રથમ માળ,<br>ટાગોર રોડ, વિરાણી ચોક<br>રાજકોટ-૩૬૦૦૦૨. | ૦૨૮૧-૨૪૬૮૨૨૪ | ૭૬૦૦૦૩૫૨૬૮<br>બી.ડી. સફી<br>૭૬૦૦૦૩૫૨૧૮<br>મનોજ દવે |
| સુરત | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેન્ક સેલ, બેન્ક ઑફ બરોડા,<br>એલ.બી.પાર્કની પાસે, છઠ્ઠો માળ<br>બરોડા સન કોમ્પલેક્ષ,<br>ઘોડ ડોડ રોડ, સુરત-૩૯૫૦૦૭. | ૦૨૬૧-૩૯૨૪૬૦૬<br>૦૨૬૧-૩૯૨૪૬૦૮ | ૮૯૮૦૦૨૬૬૦૩<br>અતુલ જે. વોરા |
| સુરેન્દ્રનગર | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેન્ક સેલ,<br>સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા<br>C/o, ૮૦ ફીટ રોડ, બ્રાન્ચ<br>મારૂતિ પાર્ક સોસાયટીની પાસે,<br>સંકલ્પ સ્કૂલની પાસે, ૮૦ ફીટ રોડ<br>સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧ | ૦૨૭૫૨-૨૨૧૪૮૫ | ૭૬૦૦૦૩૬૬૩૦ |
| તાપી | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>લીડ બેન્ક સેલ,<br>બેન્ક ઑફ બરોડા | ૦૨૬૨૬-૨૦૦૨૭૪ | ૮૯૮૦૦૨૬૬૦૪<br>એન.કે. ડોડીયા,<br>સીની. મેનેજર |
| વડોદરા | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>બેન્ક ઑફ બરોડા,<br>સુરજ પ્લાઝા-૩<br>પાંચમો માળ, સયાજી ગંજ,<br>મગનવાડી, વડોદરા-૩૯૦૦૦૫. | ૦૨૬૫-૨૩૬૨૦૬૯ | ૯૦૯૯૨૪૭૫૩૩<br>નવેન્દુકુમાર<br>પ્રદિપ પેરી<br>(ALDM) |
| વલસાડ | ધ લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર<br>બેન્ક ઑફ બરોડા,<br>મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ,<br>પ્રથમ માળ, તીથલ રોડ,<br>વલસાડ-૩૯૬૦૦૧. | ૦૨૬૩૭-૨૫૩૦૩૫ | ૯૯૭૮૯૧૧૬૦૯<br>એમ.એચ. રાવલ |

**નોંધ : ક્યાંક મેનેજરોની બદલી થયાની શક્યતા રહેલી છે.)**

## કારેલાં અને કાકડીની ખેતીમાંથી વધારાની દરરોજની આવક...

પશુપાલનનો શોખ હોય અને જમીન તેમજ થોડી ઘણી આર્થિક સગવડતા હોય તો પશુપાલન જેવું કંઈ ઉત્તમ નથી. ફાર્મ હાઉસથી ૩ કિમી દૂર રહેતા હોવાથી ફાર્મહાઉસમાં દેખરેખ રાખવા માટે સીસીટીવી કેમેરા ગોઠવ્યા છે. જેથી ઓનલાઈન ઘરે બેઠા કે કોઈ પણ જગ્યાએ બહાર ગયા હોઈએ ત્યારે પશુઓની માવજત બાબતની જાણકારી મેળવી શકાય છે. આ ઉપરાંત મજુરો ઉપર પણ દેખરેખ રાખી શકાય છે. આ સિવાય ઘરની દોઢ એકર જમીન છે જેમાં શાકભાજી પાકનું વાવેતર કર્યું છે હાલમાં કારેલાં અને કાકડીનું ઉત્પાદન ચાલુ છે ખેતીનું કામ જાતે જ કરવામાં આવે છે. દરરોજ ૫૦૦ રૂપિયાનું બજાર તો મળે જ છે. સિઝનમાં ઊંચા ભાવ પણ મળે છે. આમ પશુપાલન મુખ્ય અને ખેતી ગૌણ તરીકે ચાલુ રાખી વધારાની આવક પણ મળે છે. ખેતીમાં જરૂરી પડ્યે માણસો પણ બોલાવવામાં આવે છે.



### ભારતીય કિસાન સંઘની અ.ભા. પ્રબંધ સમિતિ બેઠક ઉદયપુર ખાતે...

અનુ. પાના ૮ નું ચાલુ...

અન્ય ગુનાઓ પર પણ અંકુશ આવશે. આવી ગંભીર પરિસ્થિતિમાં સરકારને હડબડાહટમાં દેવાનાબૂદીના નિર્ણય લેવાને બદલે દેશના બધા જ કિસાનોને પ્રતિ એકર એક નિશ્ચિત રકમ નક્કી કરીને સીધા તેના ખાતામાં જમા કરવાની યોજના બનાવીને એને તત્કાળ અમલ કરવો જોઈએ. ઉપરના તમામ બિંદુઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર અને રાજ્ય સરકારો સંસદ અને વિધાન સભાઓનાં વિશેષ સત્ર બોલાવીને, કિસાન સંગઠનોનો સહયોગ લઈને, રાજનૈતિક મતભેદ ભૂલીને, ભારત એક કૃષિ પ્રદાન દેશ છે અને વાક્યને ચરીતાર્થ કરવા માટે કૃષિ ક્ષેત્રના માટે સર્વગ્રાહી નીતિ (રોડમેપ) તૈયાર કરે. ત્યારે જ કિસાનોની સમસ્યાઓનું કાયમી સમાધાન થઈ શકશે. અમારી આગામી યોજનામાં અમિતા વર્ષે પૂરા દશમાં ભા.કિ. સંઘની સદસ્યતા થવા જઈ રહી છે. ત્યારે અમારો પ્રયત્ન છે કે દેશના તમામ પ્રાંતો સુધી વિસ્તાર થાય. બધા તાલુકા સુધી પહોંચીએ અને વધુમાં વધુ ગ્રામ સમિતિઓ બને પ્રત્યેક કિસાનો સુધી પહોંચવાનું અમારું લક્ષ્ય છે. મજબૂત સંગઠન દ્વારા જ કિસાન અને રાષ્ટ્રહિત કાર્ય શક્ય બનશે.

### કિસાન સંદેશના અંકો નિયમીત ન મળવા અંગે

**'કિસાન સંદેશ' સાપ્તાહિકના અંકો ક્યારેક નહીં મળવાની ફરીયાદો મળે છે તે અંગે સવિનય જણાવવાનું કે ગાંધીનગર કાર્યાલયથી દર સોમવારે તમામ ૩૪ જિલ્લા સહ અલગ પેપર કરીને કોમ્પ્યુટરાઈઝડ રીતે તમામ ગ્રાહકોની સ્લીપ બનાવીને ચોકસાઈ પૂર્ણ રીતે અંકોની રવાનગી કરવામાં આવે છે. જેથી કોઈ મુશ્કેલી પડે નહિં પરંતુ આપને અંક ન મળવાના સંજોગોમાં નીચેના ફોન પર સંપર્ક કરી ધ્યાન દોરવા વિનંતી છે. બીજા તરફ ઘણાં ગામોમાં ટપાલીની અનિયમીતતાઓ પણ ધ્યાન આવેલ છે. તમામ પોસ્ટમેનોએ દરરોજ કેટલી ટપાલ વિતરણ કરી તેનું રજીસ્ટર રાખી રોજ ગામમાંથી કોઈ એક વ્યક્તિની સહી પણ લેવાની હોય છે. તો આપણે તેની પુછપરછ કરીએ અને તેની નિયમીતતા માટે પણ પુછપરછ કરીએ. ફોન નં. ૦૭૯-૨૩૨ ૨૪૯૧૬, મો. ૯૯૦૯૦ ૦૦૨૧૪. આપ ગ્રાહકના સ્લીપ (રેપર) ઉપર આપનું લવાજમ પૂર્ણ થવાની છેલ્લી તારીખ છાપવામાં આવે છે. તે પહેલા નજીકના એજન્ટે રૂા.૨૦૦ના મનીઓર્ડર દ્વારા લવાજમ આગોતરૂ ભરી આપના અંકની નિયમીતતા કરવા પણ વિજ્ઞપ્તી સહ...**

## લોકસરવાણી — બિનખર્ચાળ પદ્ધતિઓ

## જૈવ વૈવિધ્ય સંરક્ષક : શ્રીમતી અન્નાકુટ્ટી જોસેફ, કેરળ

શ્રીમતી અન્નાકુટ્ટી જોસેફ તેમના કાકા પાસેથી ઘા રૂઝાવવાની આર્યુવૈદિક રીતો શીખ્યાં છે. જે મનુષ્ય તથા પશુઓની વિવિધ બીમારીઓની સારવારમાં તેઓ નિષ્ણાંત છે. સ.ન. ૧૯૪૫માં કોટ્ટાયમના પાલામાં તેમનો જન્મ થયો અને લગ્ન પછી ઈડુક્કી જિલ્લાના ચેમ્પાક્કપ્યાર વિસ્તારના અતિ રમણીય ગામને તેમણે પોતાની કર્મભૂમિ બનાવી. ખેતી તથા પશુપાલનનું ધ્યાન રાખતાં લગભગ પચાસ વર્ષ થઈ ગયાં છે.

તેમની જમીનના લગભગ ૭૦ ટકામાં રબર તથા કોકોનું વાવેતર કરે છે. અન્નાકુટ્ટી ઓરીલા, મૂવાલાઈ, અનાઈસુવાડી, વલ્લાઈકુન્ડી, ઈરુવેલી, કપૂર તુલસી, પીપરમિન્ટ તુલસી, કરંજ વગેરે જેવી કેટલીક જૂજ ઔષધિઓ ઉગાડે છે તથા આકાશવેલ્લારી અને જરાલી કોળુની જાત જેવાં ઔષધીય ગુણો ધરાવતાં પારંપરિક શાકભાજી જાળવી રાખ્યાં છે. તેઓ જુદા જુદા ઔષધીય છોડવાઓનો ઉપયોગ કરીને વિશિષ્ટ તેલ પણ બનાવે છે. અન્નાકુટ્ટીને તેમને જૈવિક વિવિધતાની જાળવણીમાં કતરેલા કાર્ય માટે ૨૦૦૮ અને ૨૦૧૬માં રાજ્યસ્તરનો બાયોડાયવર્સિટી એવોર્ડ પણ મળ્યો છે. તેમણે દસ હજારથી વધારે પશુઓમાં ખરવા - મોંવાની વાનસ્પતિક ઉપચારથી સારવાર કરી છે.

### પાંચ પાંડવ સો કૌરવનું જતન

શ્રીમતી અન્નાકુટ્ટીએ તેમના બગીચામાં પાંચ પાંડવ સો કૌરવનું વાવેતર કર્યું છે. તેઓ કાન્થાલૂર જંગલ વિસ્તારમાંથી લાવ્યાં છે. તે કાકડીની પ્રજાતિનું છે અને મધુપ્રમેહ, રક્તચાપ તથા કોલેસ્ટરોલ અટકાવવા માટે ઉપયોગી છે. તેના કૂણાં ફળોનું શાક બનાવાય છે.

### જંગલી કોળુંની જાત

શ્રીમતી અન્નાકુટ્ટી જંગલી કોળું, જેનું કદ ઘણું નાનું હોય છે અને તેનો ઉપયોગ શરીરની ચરબી ઘટાડવામાં કરે છે. તે મધુપ્રમેહ મટાડવા માટે પણ સારું છે.

### મરચાંની જંગલી જાતનો ઉછેર

આ જાત તેના નિકાસમૂલ્યને કારણએ ઊંચી કિંમત મેળવે છે.

### વલ્લીકિલાન્ગુ (વિશિષ્ટ કંદ)ની જાળવણી

ગાયમાં દૂધ ઉત્પાદન વધારવા માટે વલ્લીકિલાન્ગુ ના કંદનો ઉપયોગ કરે છે. તે માતાઓને પણ દૂધ વધારવા માટે અપાય છે.

### જંગલી ડુંગળીની જાળવણી

જંગલી ડુંગળીનો ઉપયોગ માનવ સારવારમાં કાકડાના ઉપચાર માટે થાય છે.

સંશોધક શ્રીમતી અન્નાકુટ્ટી દ્વારા કેટલીક ઉપચાર પદ્ધતિઓ નીચે મુજબ છે.

### કારેલા અને સરગવાનો ઉપયોગ

શોધક સરગવાના વૃક્ષની છાલ અને કારેલાંનાં પાનનો મલમ જખમ પર લગાડે છે. જો સારું ન થાય તો તાડીમાં આરારૂટનો પાઉડર મેળવીને પીવા આપે છે.

કારેલાં ત્વચાના રોગો અથવા ત્વચાના ચેપ, ખરજવું તથા સોરાયસિસની સારવારમાં અસરકારક છે. (Tupe et al. (2013). Internaltional Research Journal Pharm. Applied Science, 3(1), 49-51) તાડી એમિનો એસિડ્સ તેમ જ આયર્નનો મુખ્ય સ્રોત ધરાવે છે, જે ત્વચાના રોગ મટાડે છે. (http:// www.iimformafrica.com / health-africa/informaion-and-health-benefits-ofpalm-wine)

### કાળીજીરી અને પીપરી મૂળ

કાળીજીરીના બીજ, લસણ, પીપરીમૂળના ફળ, જંગલી કારેલાંના મૂળ અને શિયાળુ પાકનાં ચોખાની કુશકીને સમાન માત્રામાં પાકનાં ચોખાની કુશકીને સમાન માત્રામાં લઈને તુલસીનાં પાનના રસમાં ભેળવવામાં આવે છે. આની નાની ગોળીઓ બનાવીને તેને બહેડા મરઘાના લોહી અને દેશી દારૂ સાથે વારાફરતી અપાય છે.

બહેડાનો ઉપયોગ એલર્જી, યુર્ટીકારીયા તથા અન્ય એરિથેમેટોસ રોગો, જેવા કે ત્વચાના રોગને ઠીક કરવા માટે કરાય છે. (Bag, A. et al. (2013), Asian Pacific Journal of Tropical Biomedicines 3(3):244-252)

### કાળો સિરીયાસો

ત્વચારોગની સારવાર માટે કાળો સિરીયાસોનાં પાનને લસણ સાથે વાટીને અસરગ્રસ્ત ભાગ પર લગાડાય છે.

કાળો સિરીયાસોનો ઉપયોગ રક્તપિત્તની સારવારમાં નોંધાયો છે. (Khurnbongmayum et at (2005). Indian Journal of Traditional Knowledge, 4(1), 21-32

### ગર્ભનાળનો ચેપ

નવજાત વાછરડામાં ગર્ભનાળના ચેપને મટાડવા માટે સંશોધક તેને અજમો, લસણની છાલ, લીંબોળીનો ખોળ તથા કુલનફૂલની ધુમાડી દે છે. (સફેદ ફૂલ થાય છે)

કુલનફૂલનાં મૂળના રસની એન્ટિમાઈક્રોબિયલ અસર નોંધાઈ છે. (Chew, A.L. et al. (2012), Asian Pacific Journal of Tropical Biomedicine 2(3): 176-180.) *ક્રમશઃ*

### ૧૫મી ઓગષ્ટે મોદી જાહેરાત કરે તેવી શક્યતા

# ખેડુતો અને ગ્રામીણ જનતાને સૌગાત આપવા વડાપ્રધાન તૈયાર

નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઐતિહાસિક લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસના પ્રસંગે દેશને નામ પોતાના ચોથા સંબોધનમાં ખેડુતો અને ગ્રામીણ જનતા માટે કેટલીક મોટી યોજનાની જાહેરાત કરી શકે છે. સંકેત હાલમાં એવા જ મળી રહ્યા છે. ખેડુતો, ગરીબો અને દલિત સમુદાયના લોકોમાં પોતાની સ્થિતીને મજબુત કરવાના પ્રયાસમાં લાગેલા મોદી ૧૫મી ઓગષ્ટના દિવસે મોટી યોજનાની જાહેરાત કરી શકે છે.



સુત્રોના કહેવા મુજબ આ યોજના ખેડુતો અને ગ્રામીણ વસ્તીની સાથે જોડાયેલી હોઇ શકે છે. હાલમાં ખેડુતોની સમસ્યાને લઇને સરકાર ટિકા ટિપ્પણીનો સામનો કરી રહી છે. દેશના કેટલાક ભાગોમાં ખેડુતો આંદોલન કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં ખેડુતોના દેવામાફીની જાહેરાત કરવામાં આવી ચુકી છે ત્યારે અન્ય રાજ્યોમાં પણ આવી માંગ ઉઠી રહી છે. વડાપ્રધાન ગરીબોને દર મહિને ચોક્કસ ગેરંટીવાળી આવકની યોજનાની જાહેરાત કરી શકે છે. વડાપ્રધાને નવી યોજનાઓની શક્યતા ચકાસવા માટે ચાર પ્રધાનોની સમિતી બનાવી હતી. આ સમિતી દ્વારા પણ સ્વતંત્રતા દિવસે આવી કોઇ મોટી યોજના જાહેર કરવાની ભલામણ કરી છે.કમિટીમાં અરૂણ જેટલી, રાજનાથ સિંહ, નિતિન ગડકરી અને ધર્મેન્દ્ર પ્રધાનનો સમાવેશ થાય છે.

મોદીનુ ભાષણ પણ આ વખતે દેશ, ગરીબ અને ભ્રષ્ટાચાર પર આધારિત રહેશે. આ ભાષણ મોદી સરકારના વર્ષ ૨૦૧૯ની ચૂંટણીની થીમ પર આધારિત હોઇ શકે છે. મોદી લાલ કિલ્લા પરથી પોતાના ભાષણમાં મહાત્મા ગાંધી પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરશે. સ્વચ્છ ભારત અભિયાન પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી શકે છે. આ વખતે તેમના ભાષણમાં ફરી એકવાર આ મુદ્દો ઉઠાવવામાં આવી શકે છે. વર્ષ ૨૦૧૯માં ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવનાર છે. એ જ વખતે સામાન્ય ચૂંટણી પણ યોજાનાર છે. આને ધ્યાનમાં લઇને મોદી કોઇ મેગા કાર્યક્રમની જાહેરાત કરી શકે છે.

# રાજ્યમાં અતિવૃષ્ટિ વચ્ચે ખરીફ વાવેતર ૮૨ ટકા વિસ્તારમાં પૂર્ણ

**અમદાવાદ,**

રાજ્યમાં અતિવૃષ્ટિ વચ્ચે ખરીફ વાવેતર ૮૨ ટકા વિસ્તારમાં પુર્ણ થયું હોવાનું રાજ્ય કૃષિ નિયામકની કચેરી જણાવે છે. ૨૪ જુલાઈ સુધીમાં રાજ્યમાં ૭૦.૧૭ લાખ હેકટર વિસ્તારમાં વાવણીકાર્ય થઈ ચુક્યું છે.જે ગઈસાલ સમાન ગાળામાં ૫૭.૦૧ લાખ હેકટર વિસ્તારમાં જોવાયુંહતું. રાજ્યમાં અંતિમ ત્રણ વર્ષ દરમિયાન સરેરાશ ૮૫.૭૬ લાખ હેકટર વિસ્તારમાં વાવણીકાર્ય નોંધાયું હતું.

આમ ચાલુ સાલ હજુ પણ ૧૬ લાખ હેકટર વિસ્તારમાં વાવણી બાકી છે. જો કે છેલ્લા સપ્તાહમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે વાવેતરને નોંધપાત્ર નુકસાન પણ થયું છે અને તેથી આગામી સપ્તાહોમાં ઘણે ઠેકાણે પુનઃવાવણી પણ કરવાની બનશે. જો કે મગફળી અને કપાસ જેવા મહત્વના ખરીફ પાકોનું પુનઃ વાવેતર હવે સંભવ નથી અને તેથી ખેડૂતોએ એરંડા, જુવાર કે ટુંકાગાળાના કઠોળ પાકોનું વાવેતર કરવાનું રહેશે. ખરીફ પાકોમાં કપાસનું વાવેતર ૨૫.૮૪ લાખ હેકટરમાં સંપન્ન થયું છે. જે સરેરાશ વાવેતરના ૯૫ ટકા જેટલું છે.

જેટલા એક સપ્તાહમાં કપાસના વાવેતરમાં સવા લાખ હેકટર વિસ્તારની વૃદ્ધિ જોવા મળી હતી. અગાઉ ૧૭ જુલાઈના અંતે કપાસનું વાવેતર ૨૪.૪૭ લાખ હેકટરમાં જોવાયું હતું. આમ રાજ્યમાં કપાસનું વાવેતર લગભગ પુર્ણ થયું છે. કઠોળ પાકોમાં મઠ અને અડદનું વાર્વેઈર ૧૦૦ ટકાને પાર કરી ગયું છે. જેમાં અડદ ૧.૧૮ લાખ હેકટરમાં વવાય ચુકયા છે અને તે સરેરાશ કરતા ૫ ટકા વધુ છે. મઠનું વાવેતર ૨૨.૪૦૦ હેકટરમાં જોવાય છે અને તે ૯૧ ટકા વિસ્તારમાં સંપન્ન થયું છે અને સરેરાશ ૨.૭૦ લાખ હેકટરની સરખામણીમાં ૨.૪૫ લાખ હેકટરમાં થઈ ચુક્યું છે. કાન્ય પાકોમાં મકાઈનું વાવેતર ૨.૮૯ લાખ હેકટરમાં જોવાયું છે. જે ગઈસાલ સમાનગાળામાં ૩.૦૪ લાખ હેકટરની સરખામણીમાં નીચુ છે. આમ ખેડૂતોએ મકાઈ પ્રત્યે થોડી ઉદાસીનતા બતાવી હોય તેવું જણાય છે.

## ઉત્તર ગુજરાતના ઘણાં યાર્ડ હજુ બંધ : અન્ય યાર્ડોમાં નહિવત આવક

સતત વરસી રહેલા વરસાદના કારણે ઉત્તર ગુજરાતના મોટાભાગના માર્કેટયાર્ડ હજુ બંધ રહ્યા છે. શુક્રવારે પાલનપુર, ડિસા, થરાદ, લાખણી, સિદ્ધપુર, હારિજ, સમી, રાધનપુર, વડગામ, પાંથાવાડા, ભીલડી, ખેડબ્રહ્મા, ટીંટોઇ, ધાનેરા સહિતના માર્કેટયાર્ડ બંધ રહ્યા હતા. આ ઉપરાંત મધ્ય ગુજરાતના ખંભાત અને



વિરમગામ માર્કેટયાર્ડ પણ બંધ રહ્યા હતા. ગુજરાતના જે માર્કેટયાર્ડો ચાલુ છે એણાં વરસાદના કારણે કૃષિ પેદાશોની આવક નહિવત જોવા મળી છે. હવે વરસાદની શક્યતા નહિ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે ત્યારે હવે રાજ્યના માર્કેટયાર્ડોમાં ફરી હરાજી શરૂ થાય એવી શક્યતા છે. ધાનેરા માર્કેટયાર્ડમાં ભારે તારાજી સર્જાઈ છે. ધાનેરા માર્કેટયાર્ડને હજુ પૂર્વવત થતા ઘણાં દિવસો લાગશે. કૃષિ પેદાશોના વાયદામાં પણ સુસ્ત કારોબાર જોવા મળી રહ્યો છે. શુક્રવારે NCDEX પર જીરૂનો ઓગસ્ટ વાયદો સામાન્ય વધારા સાથે રૂ. ૧૯૧૫૫ ઉપર બંધ રહ્યો હતો. જ્યારે એરંડાનો ઓગસ્ટ વાયદો પણ સામાન્ય વધારા સાથે રૂ. ૪૪૯૩ પર બંધ રહ્યો હતો. ચણાના વાયદામાં આ સપ્તાહમાં સતત મંદી જોવા મળી.

## પાક વીમા માટે રાજ્યોને પોતાની વીમા કંપની ઉભી કરવા સુચના

પ્રધાનમંત્રી પાક વીમા યોનજાની અમલવારી માટે કેન્દ્ર સરકાર દ્વારા હવે રાજ્ય સરકારોને પોતાની અલગથી વીમા કંપની ઉભી કરવા સુચના આપી છે. લોકસભામાં ચાલેલી ચર્ચામાં કેન્દ્રિય કૃષિ મંત્રી રાધામોહનસિંહે સ્વિકાર્યુ હતું કે પાક વીમા યોજનાની અમલવારીમાં અમુક સમસ્યાઓ આવી રહી છે. કેન્દ્ર સરકારની આ મહત્વકાંક્ષી




યોજનાની અમલવારી માટે સરકારી વીમા કંપનીઓની સાથે અમુક ખાનગી વીમા કંપનીઓને પણ જવાબદારી સોંપાઈ છે. જેમાં પાક વીમા અંગેના પ્રિમિયમ અને ક્લેઈમ સેટલમેન્ટમાં અમુક જગ્યાએ ખાનગી વીમા કંપનીઓ દ્વારા ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ ઉઠી છે. આથી કેન્દ્ર સરકારે વિવિધ રાજ્ય સરકારોને અલગથી વીમા કંપની ઉભી કરવા સુચના આપી છે. કેન્દ્રિય કૃષિ મંત્રી રાદામોહનસિંહે વધુમાં જણાવ્યું હતું કે પાક વીમા અંગે અલગ વીમા કંપની બનાવવા ગુજરાત અને પંજાબ સરકારે જરૂરી પગલાં લેવાની શરૂઆત પણ કરી દીધી છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## ગુજરાત માટે રાહત : વરસાદી સિસ્ટમ પાકિસ્તાન તરફ ફંટાઇ

છેલ્લા એક સપ્તાહથી સતત વરસાદી માહોલમાં વચ્ચે હવે રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાત પરનું ડિપ્રેશન નબળુ પડ્યું છે તેમજ રાજસ્થાન તરફનું સાયક્લોનિક સરક્યુકેશન પાકિસ્તાન તરફ ફંટાઈ ગયુ છે. આ કારણે હવે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વિરામ લેશે. આગાહી ૨૪ કલાકમાં સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. વરસાદે સૌથી વધુ તારાજી ઉત્તર ગુજરાતમાં સર્જી છે.



થરાદ પંથકની એક ગૌશાળામાં વરસાદના કારણએ ૨૦૦ થી વધુ ગાયોના મોત થયા હોવના અહેવાલ પણ મળી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં સિઝનનો ૧૦૪ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છમાં સિઝનનો ૭૬ ટકા વરસાદ થયો છે. હવે વરસાદનું જોર ઘટવાની આગાહી થતા રાહત કામગીરીને વેગ મળશે. જોકે, અગમચેતીના ભાગરૂપે ગઈકાલે ગુજરાત સરકારે દિલ્હી અને ભુવનેશ્વરથી NDRF ની વધુ ટીમો બોલાવવાની જાહેરાત કરી હતી.

## ધાનેરા માર્કેટયાર્ડમાં કરોડોનું નુકશાન : હજારો ટન માલનો બગાડ

બનાસકાંઠામાં સર્જાયેલ પૂરના પ્રકોપની સૌથી વધુ અસર ધાનેરામાં જોવા મળી છે. ધાનેરા માર્કેટયાર્ડમાં સતત ૧૨ કલાક સુધી ૮ ફૂટ જેટલુ પાણી ભરાયેલુ રહ્યું છે. આ પાણી હાલ ઓસરવાનું શરૂ થતા પૂર દ્વારા સર્જાયેલ તારાજીના દ્રશ્યો જોઈ શકાય છે. ધાનેરા માર્કેટયાર્ડમાં આવેલી ૩૦૦ જેટલી પેઢીઓમાં સતત પાણી ભરાયેલુ રહેતા બાજરી, રાયડો, એરંડા, વરિયાળી અને ઈસબગુલનો માલ સમગ્ર રીતે નાશ પામ્યો છે. પાણીનો પ્રવાહ એટલો તીવ્ર હતો કે માર્કેટયાર્ડમાંથી તણાઈને બોરીયો જાહેર રસ્તા પર આવી ગઈ છે.

સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરીને વેપારીઓને થયેલ નુકસાની બાબતે સહાય માટે પગલા લેવામાં આવે એવી માંગ ઉઠી છે. ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી છેલ્લા બે દિવસમાં ૪૩ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. બુધવારે વરસાદનું જોર ઘટતા રાહત કામગીરને વેગ મળ્યો છે તેમજ પાણી ઓસરવાનું શરૂ થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

## કોંગ્રેસ ભંગાણ : એક દિવસમાં ત્રણ ધારાસભ્યોના રાજીનામા

ગુજરાત કોંગ્રેસમાં ભંગાણ જેવી સ્થિતિનું સર્જન થયુ છે. ગુરુવારે એક સાથે ત્રણ ધારાસભ્યોએ રાજીનામા આપી દેતા સમગ્ર રાજ્યમાં રાજકીય ગરમાવો વ્યાપી



ગયો છે. સિદ્ધપુરના ધારાસભ્ય બળવંતસિંહ રાજપુત, વિરમગામના ધારાસભ્ય તેજશ્રી બહેન પટેલ અને વિજાપુરના ધારાસભ્ય પી.આઈ. પટેલ કોંગ્રેસના સભ્યપદેથી તેમજ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું છે. ત્રણેય ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરાને પોતાના રાજીનામા સોંપ્યા હતા. આ ધારાસભ્યોએ આંતરિક કિન્નાખોરીને પોતાના રાજીનામા પાછળનું કારણ ગણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ શકે છે. વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ગત સપ્તાહે કોંગ્રેસને અલવિદા કહ્યું હતું. આ સમયે જ એવું જણાવ્યું હતું કે હજુ ઘણાં ધારાસભ્યો કોંગ્રેસમાંથી રાજીનામુ આપી શકે છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કોંગ્રેસના હજુ ૮ થી ૧૦ ધારાસભ્યો રાજીનામુ આપી શકે છે.




**'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો**

**'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬**

## પૂરગ્રસ્ત બનાસકાંઠામાં ઠેરઠેર મહેંકી રહી છે માનવતા

ભયંકર પૂરની તારાજીમાં બનાસકાંઠા પંથકમાં સર્જાયેલ મુશ્કેલીઓમાં પણ ઠેરઠેર માનવતા મહેંકી રહી છે. પૂરના પ્રકોપનો સૌથી વધુ ભોગ અબોલ પશુઓ બન્યા છે. બનાસ ડેરીના ડીસા વેટરનરી યુનિટના ડૉ. ઉદેસિંહની આગેવાનીમાં ત્રણ વેટરનરી ઓફિસરોએ બુધવારે ત્રણ કિલોમીટર જેટલુ ચાલીને પૂરગ્રસ્ત ટેટોડા ગૌશાળામાં પહોંચીને ૫૩ બિમાર ગાયોની સારવાર કરીને સેવા, જીવદયા અને કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યુ હતું. પૂરગ્રસ્ત વિસ્તારોમાં વીજ વ્યવસ્થા પુર્ણ કરવા વીજ કંપનીના કર્મચારીઓ પણ સર્વત્ર કાર્ય કરતા જોવા મળી રહ્યા છે. સમગ્ર રાજ્યમાંથી ફૂડ પેકેટ સહિતની રાહત સામગ્રીનો જથ્થો બનાસકાંઠા પહોંચ્યો છે. ધાર્મિક, સામાજિક તેમજ સહકારી સંસ્થાઓ પોતપોતાની રીતે સેવાની સરવાણી રેલાવી રહી છે. ધાનેરા, થરા અને કાંકરેજ પંથકમાં તો સર્વત્ર તારાજી જ જોવા મળી રહી છે. કેન્દ્ર સરકારે જાહેર કરેલ રૂા. ૫૦૦ કરોડનું પેકેજ સર્જાયેલ તારાજી સામે ઘણુ જ ઓછુ છે. બનાસકાંઠામાં હવે પાણી ઉતરવાની શરૂઆત થઈ છે. વરસાદનું જોર પણ ધીમુ પડ્યું છે. હવે રોગચાળો ફેલાવાની શક્યતા પણ રહેલી છે.

## પૂરગ્રસ્ત ગુજરાત માટે મોદી દ્વારા રૂા. ૫૦૦ કરોડનું પેકેજ જાહેર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી માટે કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૫૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી છે. ડિઝસ્ટર ફંડ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને આ રકમ તાત્કાલિક અસરથી ફાળવવામાં આવશે. આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ કેન્દ્ર સરકાર તરફથી પૂરના મૃતકોના પરિવારને રૂા. ૨ લાખ સહાય તેમજ ઘાયલોને રૂા. ૫૦ હજારની સહાય જાહેર કરી છે. અસરગ્રસ્તોની રાજ્ય સરકારની સહાય ઉપરાંત કેન્દ્ર સરકાર તરફથી આ સહાય મળશે.

## બનાસકાંઠામાં કાળજુ કંપાવી દે એવા દ્રશ્યો મોટી જાનહાનિ

પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લામાં બુધવારે પાણી ઓસરવાનું શરૂ થતા કાળજુ કંપાવી દે એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બુધવારે બનાસકાંઠા જિલ્લામાંથી ૨૧ મૃત્તદેહ મળી આવ્યા છે. જેમાં કાંકરેજના ખારિયા ગામમાં લોકોના ૧૭ મૃત્તદેહો મળી આવ્યા છે. જેમાં એક જ પરિવારના ૧૪ સભ્યોના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. આ ઉપરાંત રાણકપુર પાસે પણ ત્રણ મૃત્તદેહ મળ્યા હોવના અહેવાલ મળી રહ્યા છે. મુખ્યત્વે પશુપાલન પર નિર્ભર એવા બનાસકાંઠા જિલ્લામાં પશુ મૃત્યુ આંક પણ ખુબ જ ઉંચો રહે એવી આશંકા છે. બનાસકાંઠાનો ગ્રામિણ વિસ્તાર ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. જેમાં ખેતરોમાં છુટાછવાયા રહેતા પરિવારોની સંખ્યા ખુબ જ મોટી છે. આવા પરિવારો પૂરનો સૌથી વધુ ભોગ બન્યા છે.

### ભારતીય કિસાન સંઘની અ.ભા. પ્રબંધ સમિતિ બેઠક ઉદયપુર ખાતે

# દેશના કિસાનોની અને કૃષિની વર્તમાન સ્થિતી અંગે ગહન ચર્ચા વિચારણા બાદ રજૂ થયેલ અ.ભા. અધ્યક્ષ મા. આઈ.એન. બસવે ગૌડાજી દ્વારા રજૂ થયેલ નિવેદન...

છેલ્લા અનેક વર્ષોથી કિસાનો દ્વારા અવારનવાર સરકારો પાસે આપણી કાયમી સમસ્યાઓના સમાધાન માટે માંગણી કરવામાં આવી. પરંતુ સરકારો દ્વારા એના કાયમી ઉકેલ માટે કોઈ રસ બતાવેલ નથી. દિનપ્રતિ દિન સરકારોની પરેશાની વધતી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી કિસાનોની આશા હતી કે હવે કદાચ તેમની સમસ્યા પૂરી થશે પરંતુ જ્યારે આ આશા તૂટવા લાગી તો દેશના કિસાનોમાં આક્રોશ ઉભો થયો. હમણાં જ કૃષિ ઉત્પાદનોની કીંમતો ટેકાના ભાવથી નીચે આવી ગઈ ત્યારે સરકાર દ્વારા ખરીદવાની પર્યાપ્ત વ્યવસ્થા ન હતી. ચૂકવણું પણ થતું ન હતું એવા અનેક કારણોથી કિસાનો સાંદોલન માટે પ્રેરાયા.

આ બધી પરિસ્થિતિ જોતાં ભા.કિ. સંઘે પણ ઘણા પ્રાંતોમાં આંદોલન શરૂ કર્યું પરંતુ ભા.કિ. સંઘનો એ સિધ્ધાંત છે કે દશ હિતનું ધ્યાન પ્રથમ રાખવું, આંદોજન શાંતિપૂર્ણ રહે, એમાં હિંસા ન થવા દેવી તથા કાર્યકર્તા પૂર્ણ અનુશાસનમાં રહે. પરંતુ આંદોલનમાં માલવામાં જ્યારે આપણા આંદોલનમાં કેટલાક બહારનાં તત્વો સામેલ થઈને હિંસા ફેલાવવાની માહિતી મળી એવા સમયે સરકાર દ્વારા પ્રાદેશિક માંગણીઓનો સ્વીકાર કરાયો. ત્યારે આંદોલન પાછું ખેંચવામાં આવ્યું. આપણને મળેલી માહિતી સાચી સાબિત થઈ અને એવા તત્વો દ્વારા હિંસા ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

તામિલનાડુ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં પણ આંદોલન થયાં રાજસ્થાનમાં ભા.કિ. સંઘ દ્વારા થયેલ આંદોલન પણ શિસ્ત બદ્ધ અને અહિંસક રહ્યું. પરંતુ સ્વરૂપ મોટું હોવાના કારણએ અંતમાં સરકારનો ઝૂકવું પડ્યું અને સંઘની મોટા ભાગની



**તામિલનાડુ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં પણ આંદોલન થયાં રાજસ્થાનમાં ભા.કિ. સંઘ દ્વારા થયેલ આંદોલન પણ શિસ્ત બદ્ધ અને અહિંસક રહ્યું. પરંતુ સ્વરૂપ મોટું હોવાના કારણએ અંતમાં સરકારને ઝૂકવું પડ્યું અને સંઘની મોટા ભાગની માંગણીઓ સ્વીકારાઈ.**

માંગણીઓ સ્વીકારાઈ. આના પછી પણ કિસાનોમાં ખૂબ જ આક્રોશ પ્રસરેલો છે એના પર આપણે સતત વિચાર કરી રહ્યા છીએ.

ભા.કિ.સંઘની સ્થાપના થી જ એ માન્યતા રહી છે કે કિસાનોને તેના ઉત્પાદનના પડતર કિંમત તથા એના પર નફા સહિતના પોષણક્ષમ ભાવ મળવા જોઈએ. પરંતુ દુર્ભાગ્યવશ દેશમાં કેટલીય સરકારો ના આવાગમન પછી પણ આજસુધી પોષણક્ષમ ભાવ નથી મળી રહ્યા. દેશમાં કૃષિ ઉત્પાદનોની કોઈ ચોક્કસ આયાત - નિકાસ નીતિ નથી બની શકી એના હોવાથી કૃષિ ઉત્પાદનોની જે આયાત - નિકાસ થાય છે તેમા કિસાનહિતને કોઈ જ મહત્વ આપવામાં આવતું નથી. એના પરિણામ એ આવે છે કે ખૂબ ઉત્પાદન થયા પછી પણ કાંતો નિકાસ બંધી કરવામાં આવે છે કાં તો આયાત કરવામાં આવે છે. બંને પરિસ્થિતિમાં કિંમતો ઘટતી જાય છે. અને કિસાન ઠગાઈ જવાનો વારો આવે છે.આ વર્ષે એવું જ દાળોની બાબતમાં થયું. કિસાનોના ઉત્પાદનોના સરકાર દ્વારા ઘોષિત ટેકાના ભાવથી બજારમાં જ્યારે તે ઉત્પાદનના ભાવ ઓછા હોય છે ત્યારે તેની પૂર્તતા કરવા માટે સરકાર દ્વારા એક 'મૂલ્ય સ્થિરીકરણ કોષ' બનાવીને ભાવની પૂર્તતા કરવાની યોજના તત્કાળ ચાલુ કરવામાં આવે જેમકે મધ્ય પ્રદેશ અને આંધ્રપ્રદેશમાં કરવાની વિચારાધીન છે.

ખાધાન્ન યોજના પશુપાલન અને ડેરી જેવા ક્ષેત્રોને પ્રાધાન્ય આપીને ગામ ઘોડવાવાળાઓને રોકી શકાય છે. જેનાથી ગ્રામીણ યુવાનોને રોજગારીની તકો ગામમાં જ પ્રાપ્ત થશે અને નશા અને

અનુ. પાના ૬ પર

## તત્કાલ યોજનામાં વીજ જોડાણ અંગેની જાહેરાત

- પહેલાં સૌરાષ્ટ્ર અને પછી ઉ.ગુજરાતના બનાસકાંઠા ઉપર કુદરતનો પૂર પ્રકોપ અનેક વિસ્તારોમાં પ્રજાના જાન માલ માનવ અને કૃષિને કરોડોનું નુકશાન.
- વહીવટી તંત્રની અસરકારક કામગીરી વચ્ચે મા. વડાપ્રધાને પણ મુલાકાત લઈ ૫૦૦ કરોડની સહાયની જાહેરાત અને માર્ગદર્શન.
- રા.સ્વ.સંઘ, કિસાન સંઘ, સ્વામીનારાયણ સંપ્રદાય સહિત અનેક સંસ્થાઓ રાહત - બચાવ - ફુડ પેકેટ વિ.કાર્યમાં સહભાગી થયા.
- મૃતકોને ૨ લાખ અને ઈજાગ્રસ્તોને ૫૦ હજારનું વડાપ્રદાન ભંડોળ માંથી રાહત જાહેર.
- કેટલાક વિસ્તારોમાં મોસમનો ૮૦ થી ૯૦ ટકા વરસાદ ખાબકતાં સંપૂર્ણ જનજીવન ખોરવાયું.
- ભા.કિ.સંઘની રાહત પેકેજ સહિત કૃષિના પાકવિમા અને નુકસાનીના તત્કાલ સર્વે અને સહાય માટે સરકારને તાકીદ
- વહીવટી તંત્ર સાથે આર્મી NDRFના જવાનોએ રાત દિવસ જોયા વગર સતત અભિનંદનીય કામગીરી કરી.



**રાજ્યસરકાર દ્વારા હાલ તુરંત તત્કાલ યોજના જે તા. ૩૧-૧૦-૧૬ સુધીની નોંધાયેલી અરજીઓ પૂરતી હતી તે દૂર કરીને આજ સુધીની નોંધાયેલ તમામ અરજીઓ પૈકી કોઈપણ ગ્રાહકની અરજી સ્વીચ ઓવર કરીને તત્કાલ યોજનામાં વીજ જોડાણ ઈચ્છતા ગ્રાહકોને આપવાનું નક્કી થયેલ છે. બાકીનાં ધારા ધોરણ યથાવત રહેશે. પરીપત્ર ક્રમાં : GUVNL-ટેક-૩ તત્કાલ-૮૫૨,તા.૨૦-૭-૧૭**

# રાજ્યમાં પડી રહેલા સતત અનારાધાર વરાસદના કારણે થયેલ કિસાનોની જાન - હાનિ, માલ મિલ્કતો - પશુ મૃત્યુમાં વળતર અને ખેતીમાં તત્કાલ નુકસાનીના સર્વે કરાવી જરૂરી પાકવિમા સંબંધિત કામગીરી અને સહાય પેકેજ અંગે તત્કાલ કાર્યવાહી કરવા ભારતીય કિસાન સંઘની રાજ્ય સરકારને તાકીદ...

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશની એક અખબારી યાદીમાં છેલ્લા કેટલાય દિવસથી પડી રહેલ સતત વરસાદ અને ક્યાંક અતિવૃષ્ટિની પરિસ્થિતીમાં જયારે કુદરતે ક્યાંક વધુ તીવ્ર અસરો સાથે સમગ્ર ગ્રામ્ય જીવનને ઝપટે લઈ ધમરોળી નાખ્યું છે તેવા સંજોગોમાં સરકાર અને તેમના સમગ્ર તંત્ર દ્વારા પ્રાથમિક તબક્કે પૂર્વ આયોજન થી જે બચાવ કામગીરી કરી રહેલ છે તે અભિનંદનીય છે. જેને ભારતીય કિસાન સંઘ નોંધ લઈને આગળના તબક્કામાં જનજીવન થાળે પડશે ત્યારે કિસાનોના કાચા મકાનો, જાન - માલ - ઘરો - માવનમૃત્યુ - પશુ મૃત્યુ વિગેરેનો પણ સર્વે તત્કાલ હાથ ધરવામાં આવે અને ભૂતકાળના અનુભવ મુજબ હકીકત લક્ષી વાસ્તવિક માહિતી સાથે ક્યાંક સંગઠનને પણ સાથે રાખી થાય તેના માટે સરકારને તાકીદ કરવામાં આવે છે.

તદ્‌ઉપરાંત એક તરફ કરોડો રૂપિયાનો પાકવિમાનું પ્રિમીયમ વિમા કંપનીને આપવમાં આવ્યું છે ત્યારે આવા સમયે તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં તમામ કિસાનોના પ્રત્યક્ષ ખેતરોના નુકસાનીના સર્વે થાય તેમજ વીમા સિવાય સહિત બધા જ કિસાનોને આ અતિવૃષ્ટિમાં રાહત પેકેજ જાહેર કરી નુકસાનીમાં સીધો લાભ સરળ જોગવાઈ દ્વારા આંટીઘુંટી વગર તત્કાલ સહાય મળે તેના માટે કામગીરી પ્રારંભ કરવા પણ અનુરોધ કરેલ છે. સંગઠનના કાર્યકર્તાઓને પણ સ્વયંભુ - ક્યાંક જરૂર પડ્યે તંત્ર સાથે પણ કામ લાગી જઈને આફતની આ ઘટીએ બચાવકાર્ય - કરાય કાર્યમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવે છે.

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.